# બુદ્ધિ ચાતુર્યમાં અગ્રીમ પંખી કાગડો

– મીતા થાનકી

ઉત્તરપ્રદેશમાં ખૂબ પ્રચલિત એવા આ લોકગીતમાં જે અદકેરું સ્થાન પામ્યો છે એવો કાગડો ભાદરવો મહિનો શરૂ થતાંની સાથે જ ખૂબ માનવંતો બની જાય છે કારણકે ભાદરવો એટલે શ્રાદ્ધના સોળ દિવસો. લોકો પોતાના પિતૃઓને પોષવા કાગ–ઋષિઓને ખીર–રોટલીની વાસ નાખે છે.

મિત્રો, તમને પ્રશ્ન થાય છે ને કે ઘર આંગણાના આટલાં પંખીઓમાંથી કાગડાને જ શા માટે વાસ ખાવા બોલાવવામાં આવતા હશે ? કારણ, કાગડાનું પૌરાણિક સમયથી જ ભારતીય સંસ્કૃતિમાં અદકેરું સ્થાન છે. ગુજરાતના જાણીતા પક્ષીવિદ જયમલ્લભાઈ પરમાર નોંધે છે કે દેવો અને દાનવોએ સમુદ્રમંથન કર્યું તે પછી રાહુ અને કેતુ ચંદ્રની ઓથે અમૃત પી જતાં હતા ત્યારે એમની પાછળ લપાઈને બેઠેલો કાગડો પણ અમૃતના છાંટા પી ગયેલો. તેથી સર્વ જીવોમાં કાગડો અમર હોવાની લોકવાયકા છે.

આવી વાયકા વહેતી થયાનું વૈજ્ઞાનિક કારણ એ હોઈ શકે કે કાગડાનું આયુષ્ય ૧૦૦ વર્ષ છે. આટલું લાંબુ આયુષ્ય ભોગવતું પંખી તેની સમકાલીન માનવપ્રજાની સામે મૃત્યુ પામતું ન દેખાય તેથી તેના અમરત્વની વાત પ્રચલિત થઈ હોય એમ બની શકે. વળી, એવી પણ માન્યતા છે કે અવસાન પામીને પરલોક સિધાવેલા પિતૃઓ કાગડાના સ્વરૂપમાં વસી શ્રાદ્ધ જમી જાય છે. તેથી તો આખું વર્ષ



કાગડાને ઊડાડી મૂકતા લોકો શ્રાદ્ધ પક્ષમાં વાસ નાખતી વખતે તેની કાગડોળે રાહ જુએ છે. તથા કાગ...કાગ... એમ મોટેથી બૂમો પાડી તેને વાસ ખાવા નોતરે છે.

કાક કૂળનું વંશજ એવું આ પંખી સર્વે પંખીઓમાં ખૂબ બુદ્ધિશાળી, ચતુર, નિર્ભય અને હિંમતવાન ગણાય છે. આવું શાથી આ પ્રશ્નનો ઉત્તર શોધવા પક્ષીવિદોએ કાગડાની ૧૦૦ જેટલી જુદી જુદી પ્રજાતિના વર્તનનું સૂક્ષ્મ નિરીક્ષણ કરીને કેટલાંક સત્યો તારવ્યા છે, જે તેને બ્રિલિયન્ટ બર્ડની પદવી આપવા પૂરતા છે. કેટલાંક નિરીક્ષણો તમારી સામે રજૂ કરું છું. કાગડો ઝાડી–ઝાંખરા, ઝાડની બખોલ કે ઊંડા ખાડામાંથી જીવજંતુ પકડવા તરેહતરેહના ઝાડની ડાળીઓમાંથી પોતે બનાવેલા ઓજારો કુશળતાપૂર્વક વાપરી જાણે છે.

મે–જૂન માસ દરમ્યાન તે ઊંચા ઝાડની ડાળીઓ પર ૩ થી ૮ મીટરની ઊંચાઈ સાંઠીકડાં, ડાળખી, ચીંથરા તથા લોખંડના તાર શોધી લાવી કઢંગો પણ એટલો મજબૂત માળો બાંધે છે કે કોઈ પ્રાણીપંખી તેના બચ્ચાને નુકસાન ન પહોંચાડી શકે.

કાગડી અને તેના બચ્ચાંને અન્ય પંખીઓના ઈંડા બહુ જ ભાવે તેથી અન્ય પંખીઓના માળામાંથી ઈંડા ઉઠાવી લાવે છે.

હિમાલયની પર્વતમાળામાં ચો નામની જાતના ખૂબ ખડતલ અને નિર્ભય કાગડા વસે છે. જે પર્વતારોહકોએ ફેંકી દીધેલો કચરો ખાવા માટે ૮૨૩૦ મીટર જેટલું ઊંચું ઉડ્ડયન કરવાનું સાહસ પણ કરી નાખે છે.

કાગડાની વિશ્વમાં શોધાયેલી ૧૦૦ પ્રજાતિઓ પૈકી ઘરઆંગણાનો કાગડો ક્રો તરીકે જંગલી કાગડો જંગલ ક્રો તરીકે ઓળખાય છે. સૌથી મોટો કાગડો રેવન બે ફૂટ કરતાંયે વધુ લંબાઈ ધરાવે છે.

કાગડાની કોઈ પણ પ્રજાતિને તમે ધ્રુવપ્રદેશના બર્ફીલા વાતાવરણમાં મૂકી આવો, વિષુવવૃત્તિય અતિ ગરમ પ્રદેશમાં ધકેલી દો કે ઊંચા ડુંગર પર મોકલી દો. ગમે તે વાતાવરણને સહેલાઈથી તે અપનાવી લે છે. તેથી જ તો આપણી વાર્તાઓમાં તેને 'આનંદી કાગડો' એવું વિશેષણ અપાયું છે.

બુદ્ધિ ચાતુર્યમાં શિરમોર એવું આ પંખી હેતાળ પણ એટલું જ છે હોં. પોતાના માળામાં ઈંડા મૂકી જતી કોયલના બચ્ચાંને પણ તે પ્રેમપૂર્વક ઉછેરે છે. એટલું જ નહીં પોતાના માંસાહારી બચ્ચા માટે જીવજંતુ લાવી આપતો કાગડો કોયલના શાકાહારી બચ્ચા માટે ફળફળાદી પણ શોધી લાવે છે હોં.....!

■